ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૨ ટકા

# શહેરમાં ચોમાસામાં ઉનાળાનો અહેસાસ

## જુલાઈમાં લાગી લ્હાય...આના કરતાં તો ઉનાળો સારો હતો : શહેરમાં વરસાદે હાથતાળી દઈ દીધી અને માથે સૂરજ તપવા લાગ્યો : વાતાવરણમાં ભેજની હાજરીએ બફારો વધારી સ્થિતિ અસહ્ય બનાવી

ગાંધીનગર, તા.૨૩
શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચુકયો છે અને શહેરીજનોની અપેક્ષા નભમાંથી શ્રાવણના સરવરિયાં વરસે તેવી હોય તે સ્વાભાવિક છે પરંતુ વાસ્તવિકતા તેનાથી અવળી જોવા મળી રહી છે. શ્રાવણ ભાદરવો વરસવાને બદલે આકાશમાંથી ઉનાળાની ઋતુ જેવા અગનગોળા વરસી રહ્યા છે અને એટલું ઓછું હોય તેમ તાપની સાથે સાથે ઉકળાટ પણ એટલો બધો થઈ રહ્યો છે કે જેના કારણે ત્રસ્ત નાગરિકો પરસેવો લુછતાં લુછતાં એટલું જ કહી રહ્યા છે કે 'આના કરતાં તો ઉનાળો સારો હતો.' આજે મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી સે અને સવારે ભેજનું પ્રમાણ ૭૮ ટકા નોંધાયું હતું.

### છાંયડે પાર્ક કરેલી કારમાં પણ બેસો ત્યારે એસી કરવું પડે તેવી સ્થિતિ!!

આ સપ્તાહમાં વાતાવરણમાં ગરમીનો પારો સતત ૩૫ ડિગ્રીની આસપાસ જયારે ભેજનું પ્રમાણ ૬૦ થી ૮૦ ટકાની આસપાસ રહ્યું છે. ઉનાળામાં તાપમાં પાર્ક કરેલી કારમાં બેસીને તમે તેનો પંખો ચાલુ કરો એટલે તેની ગરમી બે ત્રણ મિનિટમાં જ બહાર નીકળી જાય છે જયારે અત્યારની સ્થિતિમાં કાર છાંયડે પાર્ક કરી હોય કે તાપમાં પરંતુ તેમાં બેસો ત્યારે ફરજિયાત એસી ચાલુ કરવું પડે છે નહીંતર જાણે ઓકિસજન વગરની ચેમ્બરમાં પુરી દીધાં હોય તેવી હાલત થઈ જાય છે. આ સ્થિતિનું કારણ પવન વગરના વાતાવરણમાં રહેલો વધુ પડતો ભેજ ગરમ થવાથી સર્જાતો બફારો છે.

આ વર્ષે ચોમાસાની ઋતુનો પ્રારંભ સારો થયો હતો અને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો સહિત અનેક જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે જેના કારણે ગાંધીનગરમાં પણ વરસાદી મૌસમ જામી જશે તેવી આશા બંધાઈ હતી જે ટૂંક સમયમાં જ ઠગારી નિવડી છે. શહેરમાં વરસાદી રમઝટની શરૂઆત તો સારી થઈ પરંતુ જેમ એક બે વિકટ પછી મિડલ ઓર્ડરનો ધબકડો થઈ જાય તેમ છેલ્લા એક સપ્તાહથી વરસાદ પાટનગર સાથે સંતાકુકડી રમી રહ્યો છે અને બીજી તરફ શહેરમાં દિવસભર ઉનાળા જેવો તડકો સાથે છુટાં છવાયાં વાદળ અને વાતાવરણમાં ભેજની હાજરીથી એવું વિષમ હવામાન અનુભવાઈ રહ્યું છે કે જેના કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. શહેરમાં આ ઋતુમાં પણ ૩૫ ડિગ્રી સે.ની આસપાસ ગરમીનો પારો જળવાઈ રહ્યો છે જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ૬૦ થી ૮૦ ટકાની પરિધિમાં જોવા મળી રહ્યું છે. આ કારણે એક તો આકરો તાપ લાગી રહ્યો છે અને સાથે સાથે ભેજના કારણે બફારાની અસહ્ય સ્થિતિ અનુભવાઈ રહી છે જે નાગરિકોને પરસેવે રેબઝેબ કરી રહી છે. આ ભેજના કારણે હવા ભારે રહે છે જેથી સામાન્ય સ્થિતિ કરતા અત્યારે શ્વાસ લેવામાં વધુ શ્રમ કરવો પડે. વળી, ભારે હવાને લીધે પવનની ગતિ પણ ઓછી હોવાથી ઉકળાટના કારણે 'ના રહેવાય, ના સહેવાય' તેવી સ્થિતિ અનુભવાઈ રહી છે. આ સ્થિતિમાં નાગરિકોને એસી કે પંખા વગર એક સ્થળે બેસવું ખૂબ જ અઘરું બની રહ્યું છે જેથી ત્રસ્ત નાગરિકોના મોંમાંથી આપોઆપ જ આ ઉદગાર નીકળતા સાંભળવા મળી રહ્યાં છે કે 'ભાઈ, આના કરતાં તો ઉનાળો સારો હતો!'



# કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૩૬ વિદ્યાર્થીઓનું બેંક ઓફ અમેરિકામાં પ્લેસમેન્ટ

## બેંક ઓફ અમેરિકાએ ૩૬૦ વિદ્યાર્થીઓના ઓનલાઈન ટેસ્ટ લઈ ૩૬ વિદ્યાર્થીઓની ૩ લાખના પેકેજ સાથે પસંદગી કરી : કેએસવીના સેન્ટ્રલ પ્લેસમેન્ટની સફળ કામગીરી

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત યુનિવર્સિટીના સેન્ટ્રલ પ્લેસમેન્ટ વિભાગ દ્વારા બેંક ઓફ અમેરિકામાં ૩૬ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. આ વિદ્યાર્થીઓ ગાંધીનગરની ગીફટ સિટી ખાતે બેંક ઓફ અમેરિકામાં જોડાઈને તેમની સેવાઓ આપશે. શહેરની કેએસવી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની આ સિધ્ધિથી સમગ્ર કડી કેમ્પસમાં આનંદની લ્હેર પ્રસરવા પામી છે.

કોરોના મહામારીએ વિશ્વને ભરડો લીધો છે અને લોકડાઉનથી લઈને હાલની સ્થિતિમાં પણ ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય સાથે તેમના ઉજજવળ ભાવિ માટે ચિંતનશીલ રહી છે. યુનિવર્સિટીના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેએસવીની ઓનલાઈન પ્લેસમેન્ટ કામગીરી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી જેમાં જુલાઈ માસમાં બેંક ઓફ અમેરિકા દ્વારા તેની વિવિધ જગ્યાઓ માટે યુનિવર્સિટી સંચાલિત બીએસસી, બીકોમ, એમકોમ, બીબીએ, બીસીએ જેવી વિવિધ શિક્ષણ શાખાઓના ૩૬૦ જેટલાં વિદ્યાર્થીઓના ઓનલાઈન ટેસ્ટ લેવામાં આવ્યા હતા. ઓનલાઈન ટેસ્ટના અંતે કેએસવીના ૩૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવતાં કેએસવીમાં આનંદની લ્હેર પ્રસરી વળી હતી. આ વિદ્યાર્થીઓ ૩ લાખના પેકેજ સાથે તા. ૧લી ઓગસ્ટથી બેંક ઓફ અમેરિકામાં તેમની સેવાઓ આપવાનું પ્રારંભ પણ કરી દેશે. બેંક ઓફ અમેરિકા માટે પસંદગી પામેલ યુવા વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રેસિડેન્ટ વલલભભાઈ પટેલ ઉપરાંત રજીસ્ટ્રાર તથા અન્ય હોદ્દેદારોએ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

# ગાંધીનગર રેન્જ ખાતેના સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ

## ગાંધીનગર રેન્જ સાયબર પોલીસ સ્ટેશનમાં સાયબર બુલીંગ અને સ્ટોકીંગ જેવા બનાવોના પ્રિવેન્શન-ડીટેકશન માટે 'એન્ટી સાયબર બુલીંગ યુનિટ' શરૂ કરાયુ

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર રેન્જ આઈજીપી કચેરી સેકટર-૨૭ ખાતે તૈયાર કરવામાં આવેલા ટેકનોલોજીયુકત સાયબર પોલીસ સ્ટેશનના ઈ-લોકાર્પણ પ્રસંગે આજે ગૃહરાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, પ્રવર્તમાન ડિજિટલ યુગમાં ટેકનોલોજીના માધ્યમથી થતા ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે આવા સાયબર ક્રાઈમના પ્રિવેન્શન અને ડિટેકશન માટે ગુજરાત પોલીસ આધુનિક તકનીકોથી સુસજજ છે.

સાયબર આશ્વત અને વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત સરકારની લોકસેવાઓની પ્રતિબધ્ધતાની નિતિ, પહેલવૃતિ તથા સનિષ્ઠ પ્રયાસોથી ગાંધીનગર રેન્જ હેઠળ આવતા ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા તથા અરવલ્લી જીલ્લાઓનો તેમાં સમાવેશ કરી, શ્રી મયંકસિહ ચાવડા, પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જ, ગાંધીનગરના સીધા સુપરવિઝન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર રેન્જ, ગાંધીનગરની શરૂઆત કરવામાં આવી છે.

મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, આપણુ ગુજરાત આજે જ્યારે વિકાસની કેડીએ અવિતર હરણફાળ ભરી રહ્યુ છે ત્યારે, વિકાસ તરફી ગુજરાતની આ આગેકૂચમાં ગુજરાતમાં પ્રવર્તતી શાંતિ અને સલામતી એક મુખ્ય પરિબળ તરીકે ભુમિકા ભજવી રહ્યુ છે તે નિર્વિવાદ બાબત છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનાં સતત માર્ગદર્શન હેઠળ રાજયમાં સાયબર બુલીંગની મદદથી થતા ક્રાઈમને અટકાવવા અને આવા ટેકનોક્રેટ ગુનેગારો સુધી પહોંચવા માટે તાલીમબધ્ધ સાયબર એકસ્પર્ટ પોલીસની ટીમને સજજ કરવામાં આવી છે.

સેકટર-૨૭ ખાતે નવનિર્મિત ગાંધીનગર રેન્જ



સાયબર પોલીસ સ્ટેશનના ઈ-ઉદઘાટન પ્રસંગે રેન્જ આઈ.જી.પી. શ્રી મયંકસિંહ ચાવડાએ રેન્જમાં સમાવિષ્ટ ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કોઈપણ નાગરિકને સાયબર ક્રાઈમને લગતા પ્રશ્નો મુંઝવતા હોય, આ સંબંધિત કોઈ માર્ગદર્શન મેળવવું હોય કે કોઈ ફરીયાદ હોય તો આ યુનિટનો સંપર્ક કરવા અપીલ કરતાં જણાવ્યું હતું કે, આ પોલીસ સ્ટેશનમાં ઈન્ટેલીજન્સ એન્ડ ફ્રોડ કંટ્રોલ સીસ્ટમ ઉપરાંત એન્ટી પોર્નોગ્રાફિક યુનિટ પ્લેટફોર્મ પણ ઉપલબ્ધ છે. સાયબર ક્રાઈમનાં ગુનાઓમાં એટલે કે જેમાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર કે કોઈપણ ડીજીટલ ડીવાઈસ દ્વારા ઈન્ટરનેટ માધ્યમ વડે કોઈ પણ પ્રકારની નાણાકીય ફ્રોડ, પાસવર્ડ કે અન્ય ડીજીટલ ડેટાની ચોરીકે સોશિયલ મિડીયા સબંધીત માનસિક ત્રાસ, પોર્નોગ્રાફી, ચાઈલ્ડ પોર્નોગ્રાફી, એઈડન્ટીટી થેફ્ટ, ઈમેલ અથવા વેબસાઈટ હેકીંગ વિગેરેમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા નાગરિકો સાથે થયેલ સાયબર નાણાકીય ફ્રોડમાં તાત્કાલીક મદદ કરવામાં આવશે. એટલુ જ નહિ, જો શકય હશે તો આરોપીના બેંક એકાઉન્ટ, ઈ-વોલેટ કે ઈ-કોમર્સમાં રહેલ નાણા અત્રેના પોલીસ સ્ટેશન દ્વારા બ્લોક કરાવી દેવામાં આવશે તે ઉપરાંત હેકીંગ, રેન્સમવેર, વિગેરે ટેકનિકલ ગુન્હાઓમાં પણ અત્રેના યુનિટ દ્વારા નાગરીકોને તાત્કાલીક માર્ગદર્શન પણ આપવામાં આવશે.

# કોબાના યુવક-યુવતિના મૃતદેહો સુઘડ કેનાલમાંથી મળ્યા

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલમાંથી બપોરના સમયે યુવક-યુવતિનો મૃતદેહ મળી આવ્યો છે. આ મૃતક યુવક-યુવતિ કોબા ગામના હોવાનું ધ્યાને આવ્યું છે. એકબીજાના હાથ રૂમાલથી બાંધેલી હાલતમાં મૃતદેહ ફાયર ટીમને મળી આવ્યા હતા. અડાલજ પોલીસને જાણ કરાતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી બંને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગુરુવારના રોજ બપોરના સુમારે સુઘડ નર્મદા કેનાલમાં યુવક-યુવતિનો મૃતદેહ તરતો હોવાની જાણ ગાંધીનગર ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ફાયરના જવાનોએ સુઘડ કેનાલ પહોંચીને યુવક-યુવતિના મૃતદેહને બહાર નીકાળવામાં આવ્યા હતા. આ મૃતક યુવક ઈન્દ્રજીત જેસંગજી ઠાકોર (ઉં.૨૩) અને યુવતિ મમતા અમરતભાઈ રાવળ (ઉં.૨૩)નવા કોબા ગામના હોવાનું ધ્યાને આવ્યું હતું. આ યુવક-યુવતિ બુધવારના રોજ ઘરેથી નીકળી ગયા હતા. ગુરુવારના રોજ કેનાલમાંથી તેઓનો મૃતદેહ મળી આવ્યો હતો. બંન્નેના હાથ રૂમાલ વડે બાંધેલા હતા. મળતી વિગત મુજબ યુવક પરિણિત હતો અને ખેતીકામ કરી પરિવારનું જીવન નિર્વાહ કરતો હતો. જયારે યુવતિ ખાનગી સ્કુલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી. બંન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો, પરંતુ લગ્ન શકય ન લાગતા યુવક-યુવતિએ આ પગલુ ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. બનાવ અંગે અડાલજ પોલીસે કેનાલ પાસે પહોંચીને બંન્નેના મૃતદેહને બહાર કઢાવીને પીએમ કરાવી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



આજે સંતાનના દીર્ઘાયુ માટે કરાતું વ્રત જીવંતિકા વ્રત છે અને આ દિવસે વ્રત કરનાર સ્ત્રીઓ પીળા વસ્ત્રો, અલંકારો કે પીળા રંગની વસ્તુઓનો ત્યાગ કરે છે અને લાલ કે ગુલાબી વસ્ત્રો પહેરે છે. આ વ્રત નિમિત્તે ઉપયોગમાં લેવાતા પુજાપા અને વ્રતકથા સાથે અન્ય સાધન સામગ્રી નગરમાં દેખા દઈ રહી છે.

# કોલવડામાંથી ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર શહેરમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. જુગાર રમતા જુગારીઓ રોજ પોલીસના હાથે ઝડપાય છે. ત્યારે કોલવડા ગામની સીમમાં ખુલ્લા બેસીને જુગાર રમતા ચાર શકુની પોલીસના હાથે ઝડપાયા છે.

મળતી વિગત મુજબ પેથાપુર પોલીસને બાતમી મળી હતી કે ગામની સીમમાં વૃક્ષની નીચે જુગાર રમાઈ રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડી હતી. પોલીસના હાથે પકડાયેલા જુગારીઓમાં કોલવડા ગામના અશોક નારાયણભાઈ પટેલ, ગોવિંદ નારાયણભાઈ પટેલ (બંને રહે. કે.કે.વિદ્યાલયની સામે કોલવડા), વિનોદસિંહ દિપસિંહ રાઠોડ (કેશર ફલેટ નં. ૩૦૪ )તેમજ સેકટર-૨૪ ખાતે રહેતો હાર્દિક નવનિત દરજી (૧૪૫ ડબલડેકર)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૨,૫૦૦ રોકડા અને બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૧૩,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભત્રીજીને બચાવવા જતા કાકાને પણ માથામાં સળીયો યુવાને માર્યો

ગાંધીનગર, તા.૨૩
પેથાપુર નજીક આવેલા સુરેલા ખાતે ભત્રીજીને બચાવવા માટે વચ્ચે પડેલા કાકા પર પણ ઈસમે લોખંડનો સળીયો માથામાં મારતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ લાલાભાઈ અંબાલાલ રાવળ બુધવારના રોજ સાંજના સુમારે તેઓ પોતાના ઘરે આવી રહ્યા હતા. ત્યારે ઘરેથી સામાન્ય અંતરે લાલાભાઈની ભત્રીજીને તેમના નજીક રહેતો પરબતજી કાળાજી ઠાકોરવાળ પકડીને ગડદાપાટુનો માર મારતો હતો. જેથી લાલાભાઈ બચાવ માટે વચ્ચે પડતા આરોપીએ લોખંડનો સળીયો માથામાં માર્યો હતો. જેથી સ્થાનીક નાગરીકો વચ્ચે પડીને ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયા લાલાભાઈને માથાના ભાગે ૬ થી ૭ ટાંકા આવ્યા હતા. જયારે ઝઘડા અંગે લાલાભાઈએ પોતાની ભત્રીજીને પુછતા તેણે જણાવ્યું હતું કે પરબતજી ઠાકોર છેલ્લા ત્રણ ચાર માસથી હેરાન પરેશાન કરી રહ્યો છે અને લગ્ન કરી લેવા મુદે દબાણ કરી રહ્યો છે. યુવતિએ લગ્નની ના પાડતા આરોપીએ હેરાન પરેશાન કરીને ઝઘડો કર્યો હોવાનો ફરીયાદીનો દાવો છે. બનાવને પગલે પેથાપુર પોલીસ મથકે લાલાભાઈ રાવળે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી પરબતજી ને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરમાં ઘરે ઘરે શિવલિંગની સ્થાપના

## કોરોનાને કારણે નગરજનો શ્રાવણ માસમાં મંદિરે જવાનું ટાળી રહ્યા છે અને મોટાભાગના ઘરમા શિવલીંગની સ્થાપના કરી શિવજીની ભકિત કરવાનો અનોખો અનુભવ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૩
શ્રાવણ મહિનાથી શરૂઆત થઈ ગઈ છે ત્યારે હાલ નગરના મંદિરોમાં કોરોનાને કારણે શ્રાવણ માસમાં પહેલાની જેમ ભીડ જોવા મળી નથી રહી. નગરમાં હાલ કામ વગર ઘરની બહાર કોઈ નીકળતું નથી ત્યારે ભગવાનના દર્શન અને પૂજા અર્ચના પણ મંદિરમાં જઈનો કરવાની જગ્યાએ નગરજનો ઘરે સ્થાપિત મંદિરમાં જ કરી રહ્યા છે ત્યારે પવિત્ર શ્રાવણ માસમાં શિવજીની પૂજાનો મહત્વ આપવાની સાથે મોટા ભાગના નગરજનો ઘરે શિવલીંગની સ્થાપના કરી શિવજીની પૂજા અર્ચના કરી રહ્યા છે.



પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે ત્યારે નગરજનો હાલ મંદિરોમાં જવાનું ટાળી રહ્યા છે. કોરોના આવતાના પહેલાના વર્ષોમાં શ્રાવણમાસની શરૂઆત થવાની સાથે જ મંદિરોમાં શિવજીને થતા શણગાર જોવા માટે શ્રધ્ધાળુઓની ભીડ જામતી. ઘરે ઘરે શિવજીના ભકિત પાઠ થતા અને લઘુરૂદ્ર યજ્ઞ પણ યોજાતો પરંતુ હાલની પરિસ્થિતિ મુજબ મંદિરે કે એકબીજાના ઘરે જવાનું નગરજનો ટાળી રહ્યા છે ત્યારે નાના બાળકોથી લઈ મોટા તમામ પોત પોતાના ઘરે જ શિવલીંગની સ્થાપના કરી શિવજીની પૂજા અર્ચના કરી રહ્યા છે.

# ઉનાવા જુગારધામના મુખ્ય સુત્રધાર "જમાદાર" હજુ ફરાર

ગાંધીનગર, તા.૨૩
પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં બે પોલીસકર્મીઓની મિલીભગતથી જુગારધામ ધમધોકાર ચાલી રહ્યું હતું. ત્યારે બાતમીને પગલે એલસીબી-૨ એ ઉનાવા ખાતે જુગારધામ પર રેઈડ પાડીને જુગારીઓને પકડી પાડ્યા હતા. જયારે આ જુગારધામના મુખ્ય સુત્રધાર હજુ પણ પોલીસ પકડથી દુર છે. કોલવડા ગામના અને પોલીસ હેડ કવાર્ટર ખાતે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર તરીકે ખ્યાતનામ પોલીસ કર્મચારી જુગારધામ બાદ છુમંતર થઈ ગયા છે, પરંતુ જુગારના કારોબાર સાથે સંકળાયેલા કેટલાક રહસ્યો ઝીણવટભરી તપાસ દરમિયાન શોધી રહી છે.ગાંધીનગર જિલ્લા સહિત અન્ય સ્થળો પર ચાલી રહેલા જુગારધામમાં ઘનશ્યામસિંહ સહિત અન્ય પોલીસ કર્મચારીઓ પણ સામેલ હોવાનું મનાઈ રહ્યું છે. ત્યારે શ્રાવણમાસમાં ઉનાવા ખાતે પોલીસકર્મીઓની મિલીભગતથી ચાલી રહેલું જુગારધામ ધમધમતુ થાય તે પહેલા જ એલસીબી-૨ એ રેડ પાડતા હાહાકાર મચી ગયો હતો. ત્યારે જુગારધામના મુખ્ય સુત્રધાર પોલીસની પકડમાં કયારે આવે છે તે જોવું રહ્યું ?

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર કાળુજી રાયચંદજી, ઉ.વ. ૫૫, નવા પાલજ, ગાંધીનગર
- સ્વ. વિનોદચંદ્ર ભોગીલાલ પંડયા, ઉ.વ. ૭૨, સે-૧, ગાંધીનગર
- સ્વ. ભાવનાબેન મહેશભાઈ ગઢિયા, ઉ.વ. ૫૬, સે-૨૧, ગાંધીનગર